ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૧-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

રાજયસભાની ગરિમા લોપાઇ રહી છે

ભારતના રાજબંધારણમાં સંસદની સંકલ્પના સીધેસીધી બ્રિટિશ પાર્લામેન્ટને અનુસરે છે. બ્રિટિશ પાર્લામેન્ટમાં ચૂંટાયેલા સાંસદોના ગૃહને 'હાઉસ ઑફ કૉમન્સ' કહે છે. પ્રજાના સીધા મતદાનથી આપણા લોકસભાના સભ્યો ચૂંટાય છે. લોકસભાને સંસદનું નીચલું ગૃહ ગણવામાં આવે છે. બ્રિટિશ પાર્લામેન્ટના ઉપલા ગૃહ માટે 'હાઉસ ઑફ લૉર્ડ્ઝ' (ઉમરાવસભા) જેવું નામાભિધાન પ્રચલિત છે. ભારતની સંસદમાં ઉપલા ગૃહને આપણે રાજયસભા કહીએ છીએ. રાજયસભાએ વરિષ્ઠોનું ગૃહ છે. રાજયસભામાં ચૂંટાતા સદસ્યોને રાજયોની વિધાનસભાના સભ્યો ચૂંટી મોકલે છે. લોકસભાના સભ્યો કરતાં અડધી સભ્ય સંખ્યા ધરાવતી રાજયસભામાં રાષ્ટ્રપતિ દ્વારા સીધેસીધા નિયુક્ત કરાતા સભ્યો પણ હોય છે. આવા બાર સભ્યો પૈકી આપણા વરિષ્ઠ કવિ ઉમાશંકર જોશી, પંજાબી કવિયત્રી અમૃતા પ્રીતમ, અભિનેત્રી શબાના આઝમી કે ચિત્રકાર ઍમ.એફ. હુસેન જેવી વિશિષ્ટ વ્યક્તિઓ, લતા મંગેશકર, સચિન તેંડુલકર, રેખા જેવી સેલિબ્રિટીઝનો સમાવેશ થતો રહ્યો છે. રાજયસભાની ભવ્ય ઈમારતના ગુંબજ નીચે લખાયેલું મહાભારતનું સૂત્ર ઘણું સૂચક છેઃ ન સા સભા યત્ર ન સન્તિ વૃદ્ધાઃ । જે સભામાં વયોવૃદ્ધો જ્ઞાનવૃદ્ધ વરિષ્ઠ સભાજનો ન બિરાજતા હોય તે સભા જ ન ગણાય. ભીષ્મ પિતામહ અને વિદુર જેવા મહાભારત કાલીન વિચારવંત પુરુષોએ કરેલી આ વ્યાખ્યા મુજબ આપણા બંધારણના ઘડવૈયાઓએ સંસદના ઉપલા ગૃહની કલ્પના કરી હતી. આઝાદી પછી શરૂનાં વર્ષો દરમિયાન એ મુજબની પ્રતિભાઓને વીણી વીણીને રાજયસભામાં ચૂંટાવી લાવવાની કે નિયુક્ત કરવાની કોશિશ પણ થતી રહી. પંડિત જવાહરલાલ નહેરુએ હિન્દી સાહિત્યના બે મહાન કવિઓને 'રાષ્ટ્ર કવિ'નો દરજ્જો અપાવ્યો હતો. મૈથિલીશરણ ગુપ્તને રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કરાયા હતા અને રામધારીસિંહ 'દિનકર' કોંગ્રેસના રાજયસભાના સભ્ય તરીકે બિહારમાંથી ચૂંટાઈને આવ્યા હતા. રાજયસભાનો સભ્ય સાધારણ ન હોય, એ પ્રજા વચ્ચે રહેતા અને પ્રજાના સીધા મતદાનથી ચૂંટાઈ આવતા લોકસભાના સભ્ય કરતાં ચડિયાતો જ હોય, એવી એક સામાન્ય અવધારણા બંધાઈ ગઈ હતી. વિચારકો, વૈજ્ઞાનિકો, શિક્ષણ શાસ્ત્રીઓ, કલાકારો, સાહિત્યકારો, ફિલસૂફો અને ધર્મપુરુષો જેવી હસ્તીઓને જનસાધારણ વચ્ચે જઈ મત માગીને, ચૂંટણી લડીને લોકસભામાં જવામાં સંકોચ થાય તે સ્વાભાવિક છે. એમનો લોકસંપર્ક પણ પ્રમાણમાં ઓછો હોય અને ચૂંટણી જંગમાં સામાન્ય કક્ષાના છતાં મોટી જ્ઞાતિનું કે આર્થિક સમર્થન ધરાવતા ઉમેદવાર સામે કદાચ જીતી પણ ન શકે. એમની વિશિષ્ટ બુદ્ધિમતા અને જ્ઞાન તથા વિશાળ અનુભવનો લાભ રાષ્ટ્રહિતમાં લઈ શકાય એ માટે જ આ 'રાજયસભા'ની સંકલ્પના અમલી બનાવાઈ હતી. કાળક્રમે એનો મૂળ ઉમદા ઉદ્દેશ માર્યો ગયો છે અને રાજયસભા પણ હવે તો મતબેંકો સાચવવા માટેનું જ માધ્યમ બની ગઈ છે. ગુજરાતની જ વાત કરીએ તો ભરૂચ વિસ્તારના સાંસદ તરીકે લોકસભામાં બબ્બે વાર ચૂંટાઈ આવેલા અહમદ પટેલ વર્ષો અગાઉ ભાજપના ચંદુભાઈ દેશમુખ સામે હારી ગયા ત્યારથી સળંગ-પાંચ સત્રોથી રાજયસભામાં ચૂંટાતા રહ્યા છે. કોંગ્રેસના રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા યોગેન્દ્ર મકવાણાએ કેન્દ્રના રાજયકક્ષાના ગૃહમંત્રીનું પદ શોભાવેલું છે. માધવસિંહ સોલંકીએ ગુજરાતનાં અનામત રમખાણો પછી રાજીનામું આપવું પડ્યું હતું. એમને રાજયસભાના સભ્ય બનાવી કેન્દ્ર સરકારના આયોજનમંત્રી અને તે પછી વિદેશમંત્રી જેવી મહત્વની જવાબદારી સોંપાઈ હતી. સ્વ. ચિમનભાઈ પટેલનાં ધર્મપત્ની ડૉ. ઉર્મિલાબેન પણ રાજયસભામાં ચૂંટાઈને કેન્દ્ર સરકારનાં મંત્રી બન્યાં હતાં. પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. શિવશંકર અર્થશાસ્ત્રી વાય.કે. અલઘ, વર્તમાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વાજપેયી સરકારના કાયદામંત્રી અરુણ જેટલી ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને ડૉ. એ.કે. પટેલ પણ રાજયસભાનું સભ્યપદ માણી આવ્યા છે. આ ધુરંધરોની સરખામણીએ નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં વિવિધ વર્ગો, પ્રદેશો અને જ્ઞાતિઓને રાજી કરવાના વિશેષ ઉદ્દેશ સાથે એવા સભ્યોને રાજયસભા જેવા વરિષ્ઠોના ગૃહમાં ચૂંટી મોકલાવવાની પ્રથા શરૂ થઈ છે, જેમને એમના જિલ્લા કે જ્ઞાતિ સિવાય ભાગ્યે જ કોઈ ઓળખતું પણ હશે. મોદી ગણતરી બાજ રાજકારણી છે એટલે એ રાજયસભામાં એવા આગેવાનોને મોકલી આપી રહ્યા છે જે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પોતપોતાના સમાજને ભાજપ જ્ઞાતિસમૂહો- પછાત વર્ગો, દલિત સમાજના પ્રતિનિધિઓ પર કળશ ઢોળવામાં આવ્યો છે. ભાજપના ધુરંધરો અગ્રણીઓને એમની હેસિયત મુજબ વેતરી નાખી જેમને રાજયસભાનું સપનું પણ ન આવ્યું હોય- બહુ બહુ તો એ ધારાસભા લડી શકે- અને છતાં લડ્યા પછીય હારી ગયા હોય એવા પ્રભાવ શૂન્ય પ્રતિનિધિઓને રાજયસભા જેવા સંસદના ઉપલા ગૃહમાં મોકલી આપવાથી ગુજરાતનું કેટલું ભલું થઈ શખશે તે તો 'સાહેબ' જ કહી શકે કાં તો પછી સમય કહેશે. પરંતુ આવી ગણતરીઓથી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી ટાણે વધુમાં વધુ બેઠકો જીતવામાં જરૂર ફાયદો થઈ શકશે કારણ કે આપણી પ્રજા ફક્ત પક્ષ કે નિશાનને જોઈને મતદાન નથી કરતી, એ જ્ઞાતિ અને પ્રદેશના ધોરણે પણ વિચારતી હોય છે.

પ્રથમ તબક્કાની મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયાનો શુભારંભ કરાવતા શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા.૨૮

રાજયની શાળાઓમાં પડી રહેલી ઘટને કારણે સરકાર દ્વારા તાજેતરમાં ઉમેદવારો પાસે અરજીઓ મંગાવવામાં આવી હતી. આ મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયાનો શુભારંભ આજ રોજ શિક્ષણ મંત્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ઉમેદવારો પાસેથી મુખ્ય શિક્ષક માટેની અરજીઓ મંગાવવામાં આવી હતી. જેના ભાગરૂપે સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેનો શુભારંભ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને નાનુભાઈ વાનાણીએ કરાવ્યો હતો.

મુખ્ય શિક્ષક ભરતીના પ્રથમ તબક્કામાં હાજર રહેવા ઉમેદવારો તા. ૨૪ જાન્યુઆરીથી પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે. જેમાં જિલ્લા પસંદગી માટે તા. ૩૧ જાન્યુઆરી સુધી પ્રથમ તબક્કો રહેશે.

પ્રથમ તબક્કામાં ૬૩.૫૮ ટકા મેરીટ ધરાવતા ઉમેદવારો ઉપસ્થિત રહી શકશે. તેમજ શારીરિક અશકતતા ધરાવતા અલ્પ દૃષ્ટિના ઉમેદવારો માટે ૫૭.૭૦ ટકા અને હલનચલન ની ખામી ધરાવતા ઉમેદવારો માટે ૬૦.૩૮ ટકા મેરીટ ધોરણ નક્કી કરવામાં આવ્યું છે.

મેરીટ ધોરણમાં આવતા ઉમેદવારોએ પોતાના આધાર પૂરાવાની નકલ અને ઓરીજીનલ પ્રમાણ પત્રો સાથે જિલ્લા શિક્ષણ સમિતિ ખાતે ઉપસ્થિત રહેવું.

હરિની દૃષ્ટિ...

વતનના ગીતથી રડવું નથી આવતું પણ આ ગાયીકા વિરોધ પાર્ટીમાં જઇને ગાય છે તેનું રડવું છે...!!

ધોરણ-૧ થી ૫માં શિક્ષકોની ઘટ ધરાવતા તાલુકાઓમાં ખાસ કિસ્સામાં ૨૦૦૦ વિદ્યા સહાયકોની ભરતીની મંજૂરી

ગાંધીનગર, તા. ૨૮

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧ થી ૫માં વધારે ઘટ ધરાવતા તાલુકાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટે જ ખાસ કિસ્સામાં ૨૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવાની મંજૂરી આપવામાં આવી છે. બાળકોનું શિક્ષણ સુધરે તે ઉદ્દેશથી પી.ટી.સી./ડી.ઇએલ.ઇડીની લાયકાત ધરાવતા અને પ્રાથમિક વિભાગ માટેની શિક્ષણ યોગ્યતા કસોટી પાસ કરેલ બેરોજગાર ઉમેદવારોને નોકરી મળે તે હેતુથી વિદ્યા સહાયકોની ભરતી કરાશે.

રાજયમાં ધોરણ ૧ થી ૫માં ઘટ ધરાવતા તાલુકાઓમાં અમદાવાદના રાણપુરમાં-૨૨, ધંધુકામાં-૭, વડોદરા કવાટમાં-૧૧૫, છોટાઉદેપુરમાં-૧૦૨, રાજકોટના માળીયામીયાંણામાં-૮૫, વાંકાનેરમાં-૨૩, જસદણમાં-૨૧, દાહોદના દાહોદમાં-૧૩૬, ગરબાડામાં-૧૩૩, ધાનપુરમાં-૧૧૫, ઝાલોદમાં-૧૫, સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં-૧૯૫, જૂનાગઢના ઉનામાં-૧૯, પાટણના સાંતલપુરમાં-૮૫, ભાવનગરના મહુવામાં-૭૪, જામનગરના કલ્યાણપુરમાં-૧૩૮, ખંભાળીયામાં-૧૩૬, દ્વારકામાં-૬૯, ભાણવડમાં-૩૬, કચ્છના લખપતમાં-૪૭, રાપરમાં-૩૯, અબડાસામાં-૩૧, મુન્દ્રામાં-૨૧, ભરૂચના જંબુસરમાં-૩૪, વલસાડના કપરાડામાં-૧૨૩, ઉમરગામમાં-૧૫, બનાસકાંઠાના થરાદમાં-૬૦, વાવમાં-૨૧, સુરેન્દ્રનગરના ચોટીલામાં-૧૫ અને ડાંગના સુબીરમાં-૬૦, આહવામાં-૮ એમ કુલ મળીને ૨૦૦૦ વિદ્યા સહાયકોની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે, તેમ શિક્ષણ વિભાગના તા. ૨૧-૧-૨૦૧૪ના ઠરાવમાં જણાવાયું છે.

હવે, માધ્યમિક શાળાઓમાં ગુણોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

માધ્યમિક શાળાઓના ધોરણ-૯માં ભણતાં વિદ્યાર્થીઓ અને શાળાઓના સ્વમૂલ્યાંકન દ્વારા આગામી તા. ૧૩-૧૪ ફેબ્રુઆરી-૨૦૧૪માં શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ શિક્ષણ મંત્રીશ્રીના માર્ગદર્શન મુજબ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં પ્રથમવાર ગુણોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

જેમાં મુખ્ય પાંચ વિષયો ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી વિષયનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. સાથોસાથ શાળાની માહિતી, આચાર્ય અને શિક્ષકોની માહિતી પણ એકઠી કરવામાં આવશે. આ માટે દરેક શાળાઓના પ્રશ્નપત્રો અને શાળા સ્વમૂલ્યાંકન પુસ્તિકા આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ બહુ વિકલ્પ પ્રકારના લખેલ જવાબોનું સાચુ મૂલ્યાંકન ઓનલાઈન થશે અને તેને આધારે શાળાના ધોરણ-૯ના તમામ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની આંકડાકીય અને શાળાકિય માહિતીની ડેટા એન્ટ્રી શાળાએ પોતે કરવાની રહેશે. આ માટે શાળાના આચાર્યશ્રીને જરૂરી યુઝર આઇડી અને પાસવર્ડ બોર્ડ દ્વારા આપવામાં આવશે.

શિક્ષણ વિભાગ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું છે જેને આધારે જરૂરી પૃથ્થકરણ કરી બાળકોના અધ્યયન સ્તરનું મૂલ્યાંકન કરવામાં આવશે અને તે અન્વયે માધ્યમિક કક્ષાએ શિક્ષણ ગુણવત્તા સુધારવાના આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે.

પીએચડી, એમફીલની ડિગ્રી માન્ય નહીં રખાતા નારાજગી

અમદાવાદ, તા. ૨૮

શિક્ષણ ક્ષેત્રે સંશોધન માટે અતિ મહત્વની એમફીલ અને પીએચડીની ડિગ્રીને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની ભરતીમાં માન્ય નહીં રખાતા ઉમેદવારોમાં રોષ ઉઠવા પામ્યો છે.

શિક્ષકોની ભરતીમાં લાયકાતને માન્ય ગણવા મુખ્યમંત્રી તથા શિક્ષણ મંત્રીને લેખિત રજુઆત કરી ઉમેદવારોએ માંગ કરી છે. માંગણી નહીં સંતોષાય તો ગાંધીચિંધ્યા માર્ગો આંદોલનની ચિમકી ઉમેદવારોએ ઉચ્ચારી છે. રાજયભરની વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહની ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા શિક્ષણ વિભાગે કવાયત હાથ ધરી છે. રાજયભરની ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ચાર હજાર શિક્ષકોની ભરતી કરવાની કામગીરી આરંભી દીધી છે. શિક્ષકની ભરતી માટે ટાટ પરીક્ષા પાસ અને બીએ, એમએ, બીએડની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી રહી છે. ઉપરાંત એમએડની લાયકાતના પાંચ ગુણને પણ માન્ય ગણવામાં આવ્યા છે. શિક્ષકોની ભરતીને પગલે એમફીલ તેમજ પીએચડીની લાયકાત ધરાવતા ઉમેદવારોમાં રોષ ઉઠવા પામ્યો છે. ગ્રાન્ટેડ ઉચ્ચર માધ્યમિક શાળાના શિક્ષકની ભરતી માટે પીએચડી અને એમફીલની લાયકાત ધરાવતા ઉમેદવારોને તેના કોઈ જ ગુણ આપવામાં નહીં આવતા ઉમેદવારોમાં આક્રોશ ઉઠ્યો છે. ઉલ્લેખનીય છે કે એમફીલ અને પીએચડીની લાયકાત શૈક્ષણિક ક્ષેત્રે સંશોધન માટેની અતિ મહત્વની ગણવામાં આવે છે.

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના ઉપક્રમે દલિત સાહિત્ય એવોર્ડ અર્પણવિધિ સંપન્ન

ડૉ. રાજન પ્રિયદર્શી, બાબુ દાવલપુરા, પ્રીતમ લખલાણી, પ્રાગજીભાઈ ભામ્ભી, ડૉ. ડી.એમ. ભદ્રેસરિયા, પી.કે. વાલેરા, ડૉ. રતિલાલ રોહિત અને નટુભાઈ પરમાર સન્માનિત

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતી દલિત સાહિત્યની સેવામાં સતત કાર્યરત ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીની નિશ્રામાં સાહિત્ય પરિષદ ભવન, અમદાવાદ ખાતે, દલિત સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર લેખકો-સર્જકોને એવોર્ડ અર્પણ કરવાનો સમારોહ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી પાટણ (ઉ.ગુ.)ના પૂર્વ ઉપકુલપતિ શ્રી ડૉ. મહાવીરસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં સંપન્ન થવા પામ્યો.

સાહિત્ય જગતમાં નવી કેડી કંડારવાનું કાર્ય દલિત સાહિત્ય દ્વારા થયું છે. એમ તારસ્વરે જણાવી અધ્યક્ષસ્થાનેથી ડૉ. મહાવીરસિંહ ચૌહાણે કહ્યું કે, માણસની બધી જ પ્રવૃત્તિ, એની સાંસ્કૃતિક ચેતના. સઘળું ભાષાને લીધે છે, એ અર્થમાં દલિત સાહિત્ય સર્જન પણ એક સાંસ્કૃતિક પ્રવૃત્તિ જ છે. છતાં આશ્ચર્ય એ વાતનું પણ છે કે

સદીઓ સુધીના દારૂણ શોષણ છતાં એને જેમના સામે સંસ્કૃતિવિહિન સમાજનો આરોપ લગાડવામાં આવ્યો તે પીડિત-શોષિત-દલિત સમાજ પાસે જ સાચો સાંસ્કૃતિક વારસો સચવાયો છે.

સમાજનો આ સર્વહારા વર્ગ શ્રમિક હતો એટલે એણે શ્રમનો મહિમા પણ ગાયો એમ જણાવી ડૉ. મહાવીરસિંહે એમ પણ કહ્યું કે માનવીય મુલ્યો રૂપી જે સંસ્કૃતિ દલિતસમાજ પાસે છે તે જીવતી રહે અને તે સંસ્કૃતિ આખા સમાજની બને તેવી તેની પાછળની ભાવના હોઈ, દલિત સાહિત્ય પણ એક નોખા નામાભિધાન અને અનોખા મિજાજ સાથે કાર્યરત છે. જાતિ કે વર્ગવિહિન થઈને સર્જન કરતાં સર્જકો જ મહાન છે. એમ જણાવી ડૉ. મહાવીરસિંહે ડૉ. બાબાસાહેબ આંબેડકરના દર્શનના આધારે 'પંડિત' અને 'મનીષી' વચ્ચેની ભેદરેખા સુસ્પષ્ટ કરી આપી હતી.

સાહિત્ય એ સમાજનો આયનો છે. તેથી જે ચિત્ર સમાજનું છે તે જ સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે એમ જણાવી સમારોહના ઉદ્‌ઘાટક અને સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરના ઉપકુલપતિ પ્રો. આર.કે. કાળેએ કહ્યું કે મરાઠી અને ગુજરાતી દલિત સાહિત્ય બંનેના લક્ષ્ય, આકોશ, પ્રવાહ એક સરખા હોઈ તેમાં નિરૂપાતી સંવેદનાઓ પણ એકસમાન છે.

જો ડૉ. બાબાસાહેબ આંબેડકરને સહાય કરીને વડોદરાના મહારાજા સયાજીરાવે વિદેશ અભ્યાસ માટે ન મોકલ્યા હોત આજે દલિત સમાજનો ઈતિહાસ કંઈક જુદો જ હોત એમ જણાવી પ્રો. કાળેએ ડૉ. બાબાસાહેબ ઋણસ્વીકાર રૂપે મહારાજા સયાજીરાવની આત્મકથા લખવા માગંતા હતા પણ એ અધૂરી ઈચ્છા સાથે તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા તેનો વસવસો વ્યક્ત કર્યો છે.

જાણીતા સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈએ દલિત સાહિત્યના ધમાકેદાર પ્રવેશ પછી આજે માતબર સર્જન સાથે તે જે સ્થિર થયું છે એનો આનંદ વ્યક્ત કરી કહ્યું કે પ્રવર્તમાન સમયમાં સર્વ ક્ષેત્રે તકો વધતાં દલિત સમાજની ટેલેન્ટ અને બુદ્ધિધન પણ હવે ઝળકી રહ્યું છે. ડૉ. કેશુભાઈએ ગુજરાતી દલિત સાહિત્યનાં પાયામાં રહેલા દલિત-બીનદલિત લેખકોના સર્જનકર્મ વિશે વિગતે વાત કરી. દલિત સાહિત્યને બળવાન સાહિત્ય તરીકે ઓળખાવ્યું હતું અને ગુજરાતી ભાષાનું ભવિષ્ય દલિત સાહિત્ય દ્વારા જ સચવાશે તેમ કહ્યું હતું.

અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રાજયના વરિષ્ઠ સનદી અધિકારી ડૉ. પી.ડી. વાઘેલાએ માનવીય મૂલ્યોને પ્રાધાન્ય આપતા સાહિત્ય સર્જનને પ્રોત્સાહન આપી રહેલ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીને બિરદાવીને, શબ્દને ઈશ્વર તરીકે ઓળખાવી એના વાહકો એવા લેખકોને એના દૂત કહ્યા હતા. વાઘેલાએ સામાજિક વિષમતાઓ સામે શબ્દોના સહારે આકોશ ન વ્યક્ત કરનાર કે વિરોધ ન રજૂ કરનારને સર્જક જ ન કહી શકાય તેવો મત વ્યક્ત કર્યો હતો. ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી દ્વારા થયેલ અનન્ય સાહિત્ય સેવાની પણ શ્રી પી.ડી. વાઘેલાએ પ્રશંસા કરી હતી.

આજના એવોર્ડ સમારોહમાં મણી દેવર્ષિ શ્રેષ્ઠ પત્રકારત્વ માટેનો એવોર્ડ ડૉ. રાજન પ્રિયદર્શીને, સવાઈ દલિત સાહિત્ય સમર્થક માટેનો કાન મહેતા એવોર્ડ વિવેચક શ્રી બાબુ દાવલપુરાને, શ્રેષ્ઠ દલિત કવિતા માટેનો શ્રીમતી

લીલાવતી ચીમનલાલ મહેતા એવોર્ડ કવિ શ્રી પ્રીતમ લખલાણી (યુ.એસ.એ.)ને, શ્રેષ્ઠ દલિત નવલકથા માટેનો શ્રી ચીમનલાલ કરસનદાસ મહેતા એવોર્ડ શ્રી પ્રાગજીભાઈ ભામ્ભીને, શ્રેષ્ઠ દલિત વિવેચન માટેનો શ્રીમતિ કાન્તાબેન નાથાલાલ શાહ એવોર્ડ ડૉ. ડી.એમ. ભદ્રેસરિયાને, શ્રેષ્ઠ દલિત આત્મકથા માટેનો નાથાલાલ અમથાલાલ શાહ એવોર્ડ શ્રી પી.કે. વાલેરાને, દલિત સાહિત્ય ગૌરવ માટેનો વિમલાબેન ચીમનલાલ શાહ ગૌરવ એવોર્ડ ડૉ. રતિલાલ રોહિત અને દલિત સાહિત્ય ગૌરવ માટેનો સ્વ. દેવીબહેન રણછોડભાઈ પટેલ ગૌરવ એવોર્ડ લેખક શ્રી નટુભાઈ પરમારને એનાયત થયો હતો.

અંગ્રેજી માધ્યમમાં ભણતું ગુજ્જુ બાળક કઈ ભાષામાં રડતું હશે?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

વર્ષો પહેલાં પ્રેમાનંદે એક પ્રતિજ્ઞા લીધેલી 'મારી ભાષાને ગૌરવ નહીં અપાવું ત્યાં સુધી હું પાઘડી પહેરીશ નહીં.' ભાષા આખરે તો આપણા અસ્તિત્વનો જ એક ભાગ છે. બકરી બેં-બેં કરી વાત કરે છે, બિલાડી મ્યાઉં મ્યાઉં કરી બોલે છે, ચકલી ચીં- ચીં કરી બધી ચકલીઓને ભેગી કરે છે અને એક માણસ માત્ર પરભાષાને પોતાની કરી બધાને આકર્ષવા પ્રયત્ન કરે છે. ઈઝરાયેલમાં બે ભાઈઓ ઝઘડતાં હતાં. તેમની માતાએ તેમને માતૃભાષાની સોગંધ ખવડાવી તો બંને ભાઈઓએ ઝઘડો અટકાવી દીધો. માતૃભાષાને કોણ વધારે ચાહી શકે? જેણે પોતાની ભાષા બોલવી છે પણ સામે કોઈ બોલનાર નથી. ઈઝરાઈલીઓએ આ વ્યાથ અનુભવી છે માટે ત્યાની માતા દિકરાઓને માતૃભાષાનાં સોગંધ ખવડાવી શકે છે.

ક્યારેક એવો ખ્યાલ આવે કે રોજ રાત્રે મહાનગરોનાં અનેક ઝૂંપડાઓમાં જેમ ચૂલો નહી સળગતો હોય તેમ સુખી ઘરોમાં અનેક નિર્દોષ બાળકોની ભૂમો પડતી હશે. બૂમ આમ તો બીજાથી પડાવાય તો ખેર નથી, પણ આ તો.. પોતાના લોકોથી જ પડાવાતી હશે. રોજ એ નિર્દોષને વગર ગુનાએ શૂળીએ ચડાવી દેવાની બીક બતાવાતી હશે. જાણે એ કોઈ આગલા જન્મના વેરની વસુલાત લેવાનો હોય! કારણ કે એ બિચારો નિર્દોષની પાસે એટલી શક્તિ નથી. એ નિર્દોષનું ખાવાનું બળી જાય, રડવાની પણ એને રજા નથી, બસ એ વિચાર્યા કરે કે મેં શું ભૂલ કરી છે કે મારે રોજ આ બધું સહન કરવું પડે છે. ઓળખી કાઢવા જેવો છે, 'બાળ ગુનેગારને!' એની ચીસ કદાચ તમારી આસપાસ સંભળાતી હોય અથવા તમારા સંબંધીનાં ઘરમાંથી પણ નીકળતી હોય. ધુમાડો નીકળે તો જોઈએ પણ આંસુઓને કયા અવાજ હોય છે!

જે બાળક હજી માંડ ગુજરાતી પણ નથી સમજતું તે કઈ રીતે સમજે ભૂલો કરવા પ્રેરીત પરભાષાને)બટ અને પુટ- નહીં પણ પુટ) એ વિચિત્ર ભાષાનું નામ પણ લેવું યોગ્ય લાગતું નથી. કારણ કે તેણે જ આપણા બાળકોનું આકર્ષણ હાસ્ય, સાચું રુદન, નિર્દોષ રમત, માતાનો પ્રેમ અને પિતાની મમતા ઉપર આઘાત કર્યો છે. અરે! મિત્રો વચ્ચે પણ એ ખીલી નથી શકતો. મિત્રો સાથે મળતા તેને મેડમની ધમકી યાદ આવે છે કેઃ 'જો અંગ્રેજી સિવાય બીજી કોઈ ભાષા બોલ્યો છે તો વર્ગમાં ઉભો રાખવામાં આવશે, તારા ડેડને ફરિયાદ કરવામાં આવશે, મમ્મીને બોલાવવાં આવશે..' આ બાળક ઉપર એવું માનસિક દબાણ કરવામાં આવે છે કે ગુજરાતી ભાષાએ તો સાવ ઠોઠીયાની ભાષા છે. તું જો આ.. ભાષા નહીં બોલે કે સમજે તો તું કઈ નથી, તારી પાસે માત્ર એક વિકલ્પ છે, નજર ચૂક્યો તો પડયો હેઠે. તારે અને નરસિંહ મહેતાનાં ભજનને કંઈ લેવાદેવા નથી. ભૂલેચૂકે ગાય શબ્દ નહીં કાઉ શબ્દ જ બોલવાનો, ગાય દૂધ નહીં મિલ્ક જ આપે, બાજરાનાં રોટલાની શિરામણ ન કહેવાય બ્રેકફાસ્ટ જ કહેવાય, મહેમાન આવે એટલે પાણી નહી વૉટર અપાય.. અરે! ચહેરાને સખત રાખીને જ હસાય, લગ્નમાં માંડવો ન બંધાય પણ ડેકોરેશન કરાય. ક્યાં લઈ જશે આ અંગ્રેજીયત આપણને? એક હજાર વર્ષ સુધી ગુલામ રહીને હજી આપણે એ જ ભૂલ કરવા લલચાઈ રહ્યા નથી? આપણા પૂર્વજો આકાશમાંથી શું કહેતા હશે? આપણે એ પણ જાણતા નથી કે સંસ્કૃતિ અને પરંપરાનો નાભિશ્વાસ માતૃભાષા સાથે જોડાયેલો છે. ભાષા જીવાત્મા બની સંસ્કૃતિના શરીરને જીવાડે છે. માતૃભાષાની મજા એને બોલવામાં અને વિચારવામાં છે. કોઈ એમ ન કહી શકે કે હું અંગ્રેજીમાં જ વિચારી શકું છું.

આપણે ક્યારેય બાળક પાસે બેસીને એને પૂછીએ છીએ ખરા કે 'તને અંગ્રેજી માધ્યમમાં કંઈ મુશ્કેલી પડે છે? તારા મગજમાં કોઈ દબાણ રહે છે? તને ભણવા સિવાયની પ્રવૃત્તિમાં રસ પડે છે? આજે નહી તો કાલે બાળક ઉપર એવી અસર જરૂર થવાની કે ગુજરાતી ભાષા કરતાં અંગ્રેજી ભાષામાં જરૂર કંઈક વિશેષ હશે જેથી બધા લોકો આને જ મોટી... મહાન.. અને શ્રેષ્ઠ... માને છે. સમય જતાં એના મનમાં ભારતની બધી જ બાબતો પ્રત્યે એક પ્રકારની સૂગ અને ન્યૂનતાનો અનુભવ ઉભો થાય છે. એને ઘરની બનાવેલી સુખડી કરતાં કેકમાં, લસ્સી કરતાં આઈસ્ક્રીમમાં , નાટક કરતાં મોબાઈલમાં અને ગરબા કરતાં ડાન્સમાં વધારે આકર્ષણ અને મોટાઈ લાગે છે.

આપણી આવતીકાલ આજનીકોલેજોનાં પરિસરમાં લટાર મારી રહી છે એની નજર મોબાઈલમાં અને મગજ રોજ બદલાતી કહેવાતી ટેકનોલોજીમાં અટવાયાં કરે છે. આમ જોવા જઈએ તો વિદ્યાર્થીઓ તો એક માધ્યમ છે આપણી ગઈકાલની વિચાર સરણીનું. આજનો ટેકનોલોજીમાં અટવાયા કરે છે. આમ જોવા જઈએ તો વિદ્યાર્થીઓ તો એક માધ્યમ છે આપણી ગઈકાલની વિચાર સરણીનું. આજનો વિદ્યાર્થી કોલેજનાં ત્રણ કે ચાર વર્ષમાં આપણી ગુજરાતી ભાષાની કમર તોડવાનું કામ જાણે અજાણ્યે કરે છે.

કોઈ ભાષા કેવી રીતે શ્રેષ્ઠ કે કનિષ્ઠ હોઈ શકે? મેકોલને ખરેખર દેવતાનીની ઉપમા આપવાની ઈચ્છા થઈ આવે છે, કારણ કે તેણે એવી ઈચ્છા સેવેલી કે અંગ્રેજી શિક્ષણથી શરીરથી તો પ્રત્યેક ભારતીય હશે પણ આચાર-વિચારથી એ અંગ્રેજ હશે. આજે નવી પેઢી એ રસ્તે પૂરપાટ દોડી રહી છે. તેને પેપ્સીમાં રસ છે, પણ નારીયેળ પાણીમાં મજા આવતી નથી. જીન્સ પહેરશે પણ ખાદીને અવગણશે, મેગી અને પીત્ઝાએ જાણે યુવાશક્તિ ઉપર આક્રમણ કર્યું છે. શુદ્ધ ગુજરાતી બોલનાર હવે વેવલો માનનાર લોકો વધવા લાગ્યા છે. અંગ્રેજી સાથે ગુજરાતી બોલવામાં આવે છે. જાણે ગુજરાતી ઉપર ઉપકાર કરતાં ન હોય. આપણાં લગ્નગીતોની મજા, ફટાણાનો કટાક્ષ, લોકગીતોનો મર્મ, ભજનની દિ